# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-12-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભારત વિરોધી સંગઠનો અને નેટવર્કને શોધી કાઢવા માટે મિત્ર દેશો સાથે ગુપ્તચર સંકલન વ્યૂહરચના વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

2) બાંગ્લાદેશ સરકારે શેખ હસીનાને પરત મોકલવા માટે ભારત સરકારને નોંધ મોકલી

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભારત તેની વિદેશનીતિમાં રાષ્ટ્રીય હિત અને માનવ હિત બંનેને પ્રાથમિકતા આપે છે

4) કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે વડનગર ખાતે મારુ ભારત સુશાસન પદ યાત્રા યોજશે

5) મહિલા ક્રિકેટમાં આજે વડોદરા ખાતે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી એકદિવસીય મેચ રમાશે

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભારત વિરોધી સંગઠનો અને નેટવર્કને શોધી કાઢવા માટે મિત્ર દેશો સાથે ગુપ્તચર સંકલન વ્યૂહરચના વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં 37મા ઈન્ટેલિજન્સ બ્યુરો શતાબ્દી સમારોહમાં શ્રી શાહે જણાવ્યું કે જટિલ માળખાકીય સુવિધાઓ પરના હુમલા, સાયબર હુમલા, માહિતી યુદ્ધ અને યુવાનોના કટ્ટરપંથીકરણ જેવા પડકારોનો ઉકેલ શોધવાની જરૂર છે. ઇન્ટેલિજન્સ બ્યુરોની પ્રશંસા કરતાં ગૃહમંત્રીએ કહ્યું કે દેશ  તેની કામ કરવાની પદ્ધતિ, સતર્કતા, તકેદારી અને બલિદાન અને સમર્પણની પરંપરાને કારણે સુરક્ષિત છે.

તેમણે ખોટી માહિતીનો સામનો કરવા માટે મજબૂત ઇકોસિસ્ટમ વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો અને આગામી દિવસોમાં ગુપ્તચર અને કાયદા અમલીકરણ એજન્સીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ – AI અને મશીન લર્નિંગનો ઉપયોગ વધારવો જોઈએ તેમ જણાવતા  શ્રી શાહે ઉમેર્યું કે ક્રિપ્ટો કરન્સી માટે બ્લોકચેન એનાલિસિસ ટૂલ્સનો ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે. ગૃહમંત્રીએ નકલી કોલ્સ અને નકલી ઈ-મેઈલ સામે ત્વરિત અને નિર્ણાયક પગલાં લેવાની જરૂરિયાતનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# MEA-HASINA.RTF

બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ભારત માંથીપાછા બોલાવવા માટે ભારત સરકારને રાજદ્વારી પત્ર મોકલ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે મંત્રાલયને સુશ્રી  શેખ હસીનાના પ્રત્યાર્પણ માટે દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન તરફથી આ સંબંધમાં પત્ર મળ્યો છે.  શ્રીમતી શેખ હસીનાને ઓગસ્ટમાં બાંગ્લાદેશના પ્રધાનમંત્રીના પદેથી દૂર કરવામાં આવ્યા ત્યારથી તેઓએ ભારતમાં શરણ લીધી છે..

# PM-CHRISTMAS.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભારત તેની વિદેશનીતિમાં રાષ્ટ્રીય હિત અને માનવ હિત બંનેને પ્રાથમિકતા આપે છે અને ભારત પોતાના નાગરિકોની સુરક્ષા કરવાનું પોતાનું કર્તવ્ય માને છે. ગઇકાલે નવી દિલ્હીમાં ઈન્ડિયન કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ દ્વારા આયોજિત ક્રિસમસ સેલિબ્રેશનને સંબોધતા પ્રધાનમંત્રીએ દેશના યુવાનોએ ખાતરી આપી છે કે વિકસિત ભારતનું સપનું ચોક્કસપણે સાકાર થશે. તેમણે કહ્યું કે દેશના ભવિષ્યમાં આપણા બધાની મહત્વની ભૂમિકા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારે સમાજમાં હિંસા ફેલાવવાના પ્રયાસો થાય છે ત્યારે તેમને પીડા થાય છે. શ્રી મોદીએ થોડા દિવસો પહેલા જર્મનીના ક્રિસમસ માર્કેટ પર થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભગવાન ઇસુ ખ્રિસ્તના ઉપદેશો પ્રેમ, સંવાદિતા અને ભાઇચારાને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે આ ભાવનાને મજબૂત કરવા માટે દરેક વ્યક્તિ કામ કરે તે જરૂરી છે. આ પ્રસંગમાં સહભાગી થવા અંગે આનંદ વ્યક્ત કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે..

**(byte** મોદી ક્રિસમસ**)**

આ પ્રસંગેતેમણે કાર્ડિનલ્સ, બિશપ્સ અને ચર્ચના અગ્રણી નેતાઓ સહિત ખ્રિસ્તી સમુદાયના વડાઓ સાથે પણ વાતચીત કરી હતી.

# JAISHANKAR VISIT

વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકર આજથી છ દિવસની અમેરિકાની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ અમેરિકામાં તેમના સમકક્ષ નેતાઓને મળશે અને દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. ડૉ. જયશંકર અમેરિકામાં ભારતીય કોન્સ્યુલ જનરલની કોન્ફરન્સની પણ અધ્યક્ષતા કરશે.

# GUJARAT-MANDAVIYA

કેન્દ્રીયમંત્રી ડૉ. મનસુખ માંડવિયા અટલ બિહારી વાજપેયીની 100મી જયંતીની ઉજવણી માટે વડનગરમાં 'સુશાસન પદયાત્રા' યોજશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતનમાં ઉજવણીમાં સામેલ થવા માટે પંદર હજારથી વધુ MY Bharat યુવા સ્વયંસેવકો વડનગરમાં આવ્યા છે.

પદયાત્રામાં સ્થાનિક યુનિવર્સિટીઓ, કોલેજો, એનજીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના 15,000થી વધુ MY Bharat યુવા સ્વયંસેવકો સક્રિયપણે ભાગ લેશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ મંત્રીઓ આ ઐતિહાસિક કૂચમાં જોડાશે. યુવાનને સામેલ કરીને MY Bharat રજિસ્ટ્રેશન ડ્રાઈવ, થીમ આધારિત સેલ્ફી પોઇન્ટ્સ જેવી પ્રવૃત્તિઓ સામેલ છે.

બંધારણીય મૂલ્યોને જાળવવા અને વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનમાં યુવાનોનાં મહત્ત્વ પર પણ આ યાત્રમાં  ભાર મૂકાયો  છે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# PRALHAD-CONSUMER-DAY.RTF

આજે રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશમાં ગ્રાહક ચળવળના મહત્વને ઉજાગર કરવા માટે દરવર્ષે 24 ડિસેમ્બરે ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશી આજેરાષ્ટ્રીય ગ્રાહક દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારોહની અધ્યક્ષતા કરશે.તેઓ આ પ્રસંગે ગ્રાહકોના અધિકારોના રક્ષણ માટે અનેક પહેલો શરૂ કરશે.

મંત્રાલયે કહ્યું છે કે આ કાર્યક્રમ  દરમિયાન ઈ-મેપપોર્ટલ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન 2.0,જાગો ગ્રાહક એપ, જાગૃતિ એપ અને જાગૃતિ ડેશ બોર્ડ લોન્ચ કરવામાં આવશે. આ એપ્લિકેશન્સનો હેતુ ગ્રાહકોને છેતરપિંડી તથા કપટપૂર્ણ પ્રવૃત્તિઓથી બચાવવાનો છે. આ કાર્યક્રમ  દરમિયાન, 13 અગ્રણી ઈ-કોમર્સ કંપનીઓ ગ્રાહક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કરશે.

# NIA-KHALISTANI ARREST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા - એનઆઈએએ પંજાબમાં આતંકવાદ સંબંધિત ષડયંત્ર કેસમાં ખાલિસ્તાની આતંકવાદી લખબીરસિંહ અને ગેંગસ્ટર બચિત્તરસિંહના મુખ્ય સહયોગી જતિન્દર સિંહની મુંબઈથી ધરપકડ કરી છે. NIA અનુસાર, ધરપકડ કરાયેલો આતંકવાદી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલનો સભ્ય છે.

વિદેશમાં રહેતા લખબીરે આ આતંકવાદી જૂથની સ્થાપના કરી હતી. એજન્સીએ કહ્યું છે કે પકડાયેલ આતંકવાદી પંજાબમાં લખબીર અને બચિત્તર સિંહ માટે કામ કરતા લોકોને હથિયાર પૂરા પાડતો હતો. NIA અનુસાર, તેણે મધ્યપ્રદેશથી પંજાબમાં વધુ હથિયારોની દાણચોરી કરવાની યોજના બનાવી હતી પરંતુ છેલ્લા ઘણા મહિનાઓ દરમિયાન એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશનને કારણે તે તેની યોજનામાં સફળ થઈ શક્યો ન હતો.

# SHYAM-BENEGAL-PASSED-AWAY.RTF

પ્રખ્યાત હિન્દી ફિલ્મ નિર્દેશક શ્યામ બેનેગલનું ગઇકાલે 90 વર્ષની વયે લાંબી માંદગી બાદ નિધન થયું છે. શ્રી બેનેગલની ગણના સમાંતર સિનેમાના અગ્રણી દિગ્દર્શકોમાં થાય છે. શ્રી બેનેગલે અંકુર, મંડી, નિશાંત, જુનૂન, મંથન, ભૂમિકા, વેલકમ ટુ સજ્જનપુર, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ, ઝુબેદા, સરદારી બેગમ, મામ્મો અને સૂરજ કા સાતવાન ઘોડા જેવી ફિલ્મો આપી. તેમના દ્વારા દિગ્દર્શિત દૂરદર્શન સિરિયલ ભારત એક ખોજ ટેલિવિઝન ઇતિહાસમાં એક અવિસ્મરણીય પ્રસ્તુતિ છે.

શ્રી બેનેગલને 1976માં પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા. તેમને તેમના યોગદાન માટે ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર દાદા સાહેબ ફાળકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પાંચ વખત શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીતનાર તે એકમાત્ર ફિલ્મ નિર્દેશક છે. શ્યામ બેનેગલને કલાના ક્ષેત્રમાંતેમના યોગદાન બદલ વર્ષ 1991માં ભારત સરકાર દ્વારા પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા હતા.

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ત્રણ મેચની ICC ચેમ્પિયનશિપ શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મુકાબલો થશે.. આ મેચ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં બપોરે 1.30 વાગ્યાથી રમાશે. આ પહેલા રવિવારે આ જ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 211 રનથી હરાવ્યું હતું.

અગાઉ ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય T-20 શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 2-1થી જીત નોંધાવી હતી. હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય ટી-ટ્વેન્ટી શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. મંધાનાએ સતત ત્રણ અડધી સદી ફટકારી હતી અને દ્વિપક્ષીય T20 શ્રેણીમાં ભારતીય મહિલા દ્વારા સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

# CHENNAI-ART-FESTIVAL.RTF

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ગઇકાલે ચેન્નાઈ ખાતે 71મા વાર્ષિક કલા મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું. આર્ટ ફેસ્ટિવલને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં સંસ્કૃતિની એકીકૃત શક્તિ પર ભાર મૂક્યો હતો. શ્રી શેખાવતે કહ્યું કે સંસ્કૃતિ રાષ્ટ્રીય એકતા જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ઝાકિર હુસૈન સહિતના મહાન કલાકારોને તેમના જીવનભર શાસ્ત્રીય સંગીતના સમર્પણ માટે શ્રદ્ધાંજલિ આપી હતી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આધુનિક પ્રભાવો સાથે પરંપરાગત મૂલ્યોનું મિશ્રણ કરીને આજે ભારતમાં સાંસ્કૃતિક પુનરુત્થાન થઈ રહ્યું છે. કાર્યક્રમના ભાગરૂપે શ્રી શેખાવતે ભારતીય શાસ્ત્રીય કલાના વારસાની ઉજવણી કરતા વિશેષ પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા વૈજયંતી માલાએ ભાવ અભિનયમ રજૂ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન, કેન્દ્રીય મંત્રીએ વૈજયંતી માલાનું શાસ્ત્રીય નૃત્યઅને ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માન કર્યું હતું. આ પ્રદર્શન 2 જાન્યુઆરી, સુધી ચાલશે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના તમામ અખબારોએ ધોરણ પાંચ અને આઠમા વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાશે પરંતુ તેનું વર્ષ ન બગડે તેની પણ સરકાર કાળજી રાખશે તે સમાચાર હેડલાઇનમાં છે.
- પી. એમ. જે. વાય યોજનાની માર્ગદર્શિકા જાહેર, આ ઉપરાંત પ્રધાનમંત્રીએ 71 હજાર ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કર્યા તે સમચાર પણ મુખ્ય પેજ ઉપર પ્રકાશિત થયા છે.
- શ્યામ બેનેગલના નિધનના સમાચાર પણ દરેક અખબારોના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે..
- ઉત્તર પ્રદેશના પીલીભીતમાં ત્રણ ખાલીસ્તાનીઓ ઠારના સમાચાર પણ પ્રકાશિત થયા છે.
- ગુજરાત સમાચારે શેખ હસીનાને પરત મોકલો તેવી બાંગ્લાદેશની માગણી સામે ભારતની ચૂપકિદીના સમાચારની હેડલાઇન્સ ગુજરાત સમાચાર બનાવી છે
- નવગુજરાત સમય અને સંદેશે હવે ધોરણ પાંચ અને આઠના વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાશે તેવા સમાચાર મુખ્ય બનાવ્યાં છે
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ બાંગ્લાદેશ દ્વારા શેખ હસીનાને પરત મોકલવાની માંગણીને પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત સ્થાનિક અને રાજ્યના સમાચારમાં તમામ અખબારોએ PMJY યોજનામાં જાહેર થેયલી માર્ગદર્શિકાને અલગ અલગ સ્વરૂપે રજૂ કરી છે.